|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email: office@sanatandharmpatrika.com Web: www.sanatandharmpatrika.com

●સં.૨૦૭૮ ●માગસર સુદ-૭ ● તા.૧૦-૧૨-૨૧ ● શુક્રવાર SDP NO:600 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org, abkkpsamajoffice49@gmail.com
Website : www.abkkpsamaj.org

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org, abkkpsamajoffice49@gmail.com
Website : www.abkkpsamaj.org

જાવક નં. 182/21-22 Dt.08-Dec-2021

પ્રતિશ્રી
પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી
ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
ઊંઝા - ઉત્તર ગુજરાત

જય માં ઉમિયા.. જય લક્ષ્મીનારાયણ.. જય સનાતન...

સવિનય સહ જણાવવાનું કે

ધાર્મિક ક્ષેત્રમાં ગુમરાહ થઈને ઘણા ખરા ધાર્મિક આચરણોમાં વિધર્મને વરી ચૂકેલા અમારા કચ્છ કડવા પાટીદાર સમાજને પુનઃ સંગઠિત કરી જરૂરી સુધારા સાથે સ્વધર્મમાં પાછા લાવવા યોગ્ય રાહ બતાવવા માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના વખતો વખતના હોદ્દેદારોએ પ્રશંસનીય પરિણામ લક્ષી અગ્રેસર ભૂમિકા ભજવી છે. જેની નોંધ કચ્છ કડવા પાટીદાર બહોળા સમુદાયે હંમેશા પૂરા આદર સાથે લીધી છે.

સૈયદ ઇમામશાહને સર્વસ્વ માની ઈસ્લામી સતપંથ ધર્મ અપનાવીને હિન્દુત્વથી વિમુખ થઈ જઈ રહ્યા હતા, તેવામાં મા ઉમિયાના અનન્ય આશીર્વાદથી તેમજ કાળક્રમે સમાજ સુધારકો દ્વારા થયેલા પ્રયત્નોથી ઉમિયા માતાજી સંસ્થાનના અગ્રણીઓના સહકારથી અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો મોટો વર્ગ આજે પુનઃ વૈદિક સનાતન ધર્મ ની રાહ પર ગૌરવભેર ચાલી રહ્યો છે. સ્વધર્મમાં પાછા આવ્યા પછી ઉમિયા માતાજી પ્રત્યે સૌ સનાતનીઓને અપાર શ્રદ્ધા ભાવ જાગ્યો છે. દેશના જુદા જુદા ભાગો માંથી સનાતની શ્રદ્ધાળુ મોટી સંખ્યામાં ઊંઝા ખાતે પધારી માના દર્શન કરી ધન્ય બને છે અને યથાશક્તિ આર્થિક સહયોગ સંસ્થાને આપી સંસ્થા પ્રત્યે ઋણ અદા કરે છે. કચ્છ કડવા પાટીદારો માટે સર્વશ્રેષ્ઠ આસ્થાનું કેન્દ્ર મા ઉમિયાનું સમર્થ શરણું આજે થઈ ચૂક્યું છે.

આપે વિધર્મને કડવા પાટીદાર સમાજમાંથી કાયમી તિલાંજલી આપવા ઉમિયા માતાજી સંસ્થાનની ૧૯૭૭ની કારોબારી સભામાં ઠરાવ પાસ કરીને પીરાણામાં ફસાયેલા પાટીદારોને મૂળ ધર્મમાં પાછા લાવવા સંકલ્પ કરેલ છે. તેમજ 2018માં સતપંથ સમુદાયના મુઠ્ઠીભર લોકો સનાતન ચળવળને અટકાવવા ખોટા કેસ કરી સનાતની ભાઈઓને હેરાન કરવાના નિરર્થક પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે આપે મધ્યસ્થી કરી બન્ને પક્ષોને વિસ્તાર પૂર્વક સાંભળી, ખુબ ચિંતન કર્યા પછી મા ઉમાનો આદેશ મળ્યો.

પરંતુ હંમેશાની જેમ આ વખતે પણ વિધર્મીઓ એ જગતજનની કુળદેવી મા ઉમિયાના આદેશનો અનાદર કર્યો. સમગ્ર ઘટના દરમિયાન અમે આપના સતત સંપર્કમાં હતા. આપના માર્ગદર્શન પ્રમાણે અમે આગળ વધી રહ્યા હતા. અમોએ વિશેષ સભાનું આયોજન કરી આપની દિશા નિર્દેશ મુજબ ચાલી રહ્યા હતા તેમ છતાં મુઠ્ઠીભર વિધર્મીઓની મેલી મુરાદને કારણે મા ઉમાના ચુકાદાનું અમલીકરણ થઈ શક્યું નહીં. તે આપ સૌ સારી રીતે જાણો છો. ઉપરાંત આપના હૂંફાળા સહકારથી ધીમી પણ મક્કમ રીતે ચાલતી સનાતની ચળવળને ક્યાંય રુકાવટ આવે નહિ તે આપણા સૌની જવાબદારી છે, તેમાંય અમારા મતે પાટીદારોની સર્વોચ્ચ સંસ્થાને નાતે ઉમિયા માતાજી સંસ્થાનની વિશેષ જવાબદારી બને છે.

પરંતું વ્યથિત હૃદયે ભારે ખેદ સાથે અમારા દુર્ભાગ્યે થોડા દિવસથી અમોને એવું જણાઈ રહ્યું છે કે ખુદ માતાજીના ચુકાદાનો અનાદર કરનાર પક્ષને ઊંઝા સંસ્થાનના મોવડીઓ દ્વારા આર્થિક લાભ માટે છાવરવામાં આવી રહ્યા છે, જેની કચ્છ કડવા પાટીદાર સમાજના બહુ સંખ્યક વર્ગ પર વિપરીત અસર થઇ રહી છે. જાહેર સમાચાર પત્રોમાં ખુલ્લેઆમ જાહેરાત આપી જાહેર કરે છે કે અમને આ ચુકાદો માન્ય નથી. એવા ઈમામના અનુયાયીઓને ખુશ રાખવા મા ઉમાના સંતાનોને નારાજ કરી રહ્યા છો, જેના દૂરોગામી પરિણામ બંને પક્ષે સારા નહીં જ હોય... આપ ઘણું બધું જાણવા છતાં અજાણ બનીને ક્ષણીક લાભ માટે કાયમી નુકસાન પહોંચાડી રહ્યા છો તેની કદાચ કલ્પના આપને આજે નહીં હોય પરંતુ ભવિષ્યમાં આપણા બંને પક્ષ માટે ઘણું મોડું થઈ ગયું હશે. વિધર્મીઓને છાવરવાના આપના વ્યવહારથી અમારા જ્ઞાતિજનોની સંસ્થા પ્રત્યે લાગણી દુભાણી છે. જેનો ભારોભાર આક્રોશ જ્ઞાતિના સૌ યુવાન તથા વડીલોમાં છે. આવનારા દિવસોમાં જ્ઞાતિજનો હવે કેવું વલણ દાખવે તે અમારા કર્ણધારોના હાથમાં નથી.

અગાઉ લક્ષચંડી વખતે અમે જ્ઞાતિજનોને મહામુસીબતે સમજાવ્યા હતા. તે સમયની અમારા હોદ્દેદારોની પરિસ્થિતિ આપને ખબર હતી તેમ છતાં તેવી જ ઘટનાનું આપે પુનરાવર્તન કર્યું છે. જેમાં બહુજન સમાજ પ્રત્યેની આપની નિયત સ્પષ્ટ થાય છે. આટલી મોટી વૈશ્વિક સંસ્થા તેમના સિદ્ધાંતોમાં બાંધ છોડ કરે અને ઇમામના ઉપાસકોને આગળ કરવા પડે એવી તે સમર્થ સંસ્થા પર શી મજબૂરી આવી પડી..? શેષ બચેલા મુઠ્ઠીભર પીર પંથીઓને ખુશ કરવા લાખોને નિરાશ કર્યા છે એ આપને કેટલું યોગ્ય લાગે છે...?

આપના અમારા પ્રત્યેના નકારાત્મક વલણ અંગે અમારા પક્ષે સનાતન જાગૃત પ્રહરીઓના આગ્રહવશ અમારે ચિંતન કરવાનો સમય આવી ગયો છે, એ ચિંતનની દિશા આપવાનું અમારા હાથથી સરી જાય તે પહેલા આપના તરફથી આ બાબતે ત્વરિત યોગ્ય કરવા વિનમ્ર અરજ છે.

હાલના સંજોગોમાં જ્ઞાતિજનોનો આક્રોશ જોતા અમારા હોદ્દેદારોએ ઉમિયા શિલાન્યાસ મહોત્સવમાં હાજર રહેવું સંભવિત નથી જે આપના જાણ સારું

પ્રમુખશ્રી	ઉપપ્રમુખશ્રી	મહામંત્રશ્રી
અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી	ભાણજીભાઇ પોકાર જયંતિલાલ રામાણી રાજેશભાઇ દિવાણી	પુરષોત્તમભાઇ રવજીભાઇ ભગત

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ ગ્રીનલેન્ડ કાઉન્સીલ વર્ષ :૨૦૨૧-૨૩

નામઃ સીએ પંકજ રમેશભાઈ પારસીયા
હાલેઃ નરોડા, અમદાવાદ કચ્છ ગામઃ સાંયરા (યક્ષ)
હોદ્દોઃ યુવસંઘમાં ગ્રીનલેન્ડ કાઉન્સીલ પ્રેસિડેન્ટ
મોબાઈલઃ ૯૧૯૮૭૯૩૬૯૧૨૧.

વાડિયા મિનેશકુમાર ઈશ્વરભાઈ
હાલે : મોડાસા કચ્છમાં ગામ : થરાવડા
હોદ્દો : યુવાસંઘ ગ્રીનલેન્ડ કાઉન્સિલ મંત્રી
મોબાઈલ :૯૪૨૮૩૫૭૨૨૪

ગ્રીનલેન્ડ કાઉન્સીલ એટલે આપણી સમાજ અને યુવાસંઘનું હૃદય.

ગ્રીનલેન્ડ કાઉન્સિલ ના વિકાસ અર્થે કાઉન્સિલ PDO ની નિમણુંક મિશન ચેરમેન નટવર સામાણી ના સ્વર્ણિયમ અભિગમ કાજે જાહેર કરવામાં આવેલ છે..

આ કાઉન્સિલ માં આવતા ચાર રિજીયનઃ ૦૧ . કચ્છ રિજીયન ૦૨ કચ્છ પૂર્વ રિજીયન ૦૩. ઉત્તર ગુજરાત રિજીયન ૦૪. સૌરાષ્ટ્ર રિજીયન.

ગ્રીનલેન્ડ કાઉન્સિલમાં આવતા બંને કચ્છ રિજીયન એટલે આપણી માતૃભૂમિ જે હમેશા તેની માટીની સુવાસથી સનાતની ચૈતન્ય સ્ફુર્તિ ને ઉત્સાહ ના સ્પન્દન આપણામાં સતત જોમ પૂરતા રહ્યા છે. અને હવે તો સાથે આ કાઉન્સીલમાં મીઠી વાણી અને મહાન પરોપકારી સંતોની ભૂમીવાળું રિજીયન એટલે સૌરાષ્ટ્ર રિજીયન નો પણ સમાવેશ થયો છે. તેની સાથે આપણા ગુજરાત રાજ્યનું હરિયાળું પાટનગર ગાંધીનગર જે રિજીયનમાં આવે છે

તેવું ઉત્તર ગુજરાત રિજીયન હમેશા પોતાની આગવી વિચારધારાથી ઓળખ ઊભી કરવા તત્પર રહે છે.

ગ્રીનલેન્ડ કાઉન્સીલના ચાર રિજીયનમાં બે રિજીયન પ્રથમ વાર યુવાસંઘમાં પાપા પગલી માંડી રહ્યા છે પણ એમના કાર્યકર્તાઓનો જોમ અને જુસ્સો અપ્રતિમ છે. ગ્રીનલેન્ડ કાઉન્સીલના બધા રિજીયન પોતાની પ્રવૃતિઓ થકી આ ટર્મમાં અગ્રેસર રહેવા કટિબદ્ધ છે.

ગ્રીનલેન્ડ કાઉન્સિલને સમાજલક્ષી પ્રવૃતિ થકી યુવા શક્તિને જાગૃત રાખવા માટે અનુભવિ બે ટર્મના સ્પોર્ટ્સ કન્વીનર રહી ને બે ઓલિમ્પિયાડ ની સફળ ઈવેન્ટ કરનાર કાઉન્સીલ પ્રેસિડેન્ટ સી.એ.પંકજ પારસીયા અને સાબરના હિંમતનગર માં જેમના ચેરમેન પદે હિંમતનગર ના કમ્પાઓ ને આવનાર જનરેશન ઓળખતું થયું ગામડાઓ ના સંસ્કાર થી સહુ થયા ઉજાગર એવા રિજીયન IPP જે હવે બન્યા કાઉન્સીલ સેક્રેટરી મીનેશ વાડિયા ના નેતૃત્વ માં તથા બધી થીમના કાઉન્સીલ PDO તેમના કાર્યો થકી આગવી ઓળખ ઊભી કરાવવા પ્રયત્ન ગ્રીનલેન્ડ સતત કરશે...

કૃષિ અને પર્યાવરણ
કૃષિ અને પર્યાવરણ
જગદીશભાઈ ડાયાણી KCR
કચ્છ MO:૯૯૦૯૧૭૨૦૦૧

BUSINESS CELL
બિઝનેસ સેલ
હિતેશ બાબુલાલ ગોગારી SUR
મોરબી MO: ૯૮૭૯૬૩૩૦૯૫

શૈક્ષણિક
શિક્ષણ શોધ
ખીમજી વિનોદ પારસીયા KCR
કચ્છ MO:૯૯૨૫૬૩૪૦૨૨

આર્થિક અને કેરીયર વિકાસ
ભંડોળ(ફંડ)
દિનેશ લાલજીભાઈ પોકાર UGR
કલોલ MO:૯૪૨૭૦૬૧૧૦૨

આરોગ્ય
હેલ્થ & ડિઝાસ્ટર
ડો.અમિતા જયેશ ભગત SUR
રાજકોટMO: ૯૪૨૮૬૯૯૬૫૬

સગપણ સબંધિ
મેટ્રીમોનિયલ
રાધાબેન જગદીશ ડાયાણી KCR
કચ્છ MO: ૭૫૬૭૮૮૩૯૮૪

રાજકીય જાગૃતિ અભિયાન
રાજનૈતિક
રસિક રવીલાલ સેંઘાણી EKCR
પૂર્વ કચ્છ MO:૯૯૭૯૮૯૪૨૩૩

પ્રચાર-પ્રસાર
પ્રચાર પ્રસાર
જીગ્નેશ જયંતીલાલ સેંઘાણી KCR
બીદડા MO: ૯૯૨૫૬૮૧૫૫૦

સામાજિક-આધ્યાત્મિક
આધ્યાત્મિક
વસંત રતિલાલ પદમાણી EKCR
પૂર્વ કચ્છ MO:૯૯૭૯૧૦૦૨૧૧

યુવા મહોત્સવ
રમત સમિતિ
દિનેશ વાલચંદ વાડિયા UGR
MO: ૯૪૨૭૬૪૭૦૯૨

WEBCOM
વેબકોમ
સુનિત પ્રભુભાઈ પદમાણી SUR
સૌરાષ્ટ્ર MO:૯૪૨૭૬૪૭૦૯૨



YSK
નરેશ ડાહ્યાલાલ ચૌહાણ EKCR
ભુજ MO: ૯૮૨૫૧૮૧૪૩૦

યુવા ઉત્કર્ષ
યુવા ઉત્કર્ષ
હિરેન મનસુખ વાડિયા SUR
સૌરાષ્ટ્રMO:૯૮૨૪૧૯૪૦૨૬

SHRI A.B.K.K.P.YUVASANGH ESTD 1972

દેરોલ (વા.) પંચાયત ચૂંટણીમાં સરપંચ તરીકેની ઉમેદવારી

વડાલી ડિવિઝન (સાબર રિજીયન) ના રાજેન્દ્રકુમાર કેશવલાલ ભાવાણી મું. દેરોલ કંપા જેમને દેરોલ (વા.) પંચાયત ચૂંટણી માં તેમને સરપંચ તરીકેની ઉમેદવારી કરી છે તો ચુંટણી માં વિજયી બને અને તેઓ રાષ્ટ્રની સાથે સમાજ નું નામ પણ રોશન કરે તેવી શ્રી ક.ક.પા.સનાતન સમાજ વડાલી વિભાગ અને ટિમ વડાલી ડિવિઝન(સાબર રિજીયન) વતી ખૂબ ખૂબ શુભેચ્છા સહ .

વડાલીડિવિઝન (સાબર રિજીયન)
PRO ચેતન રામજીયાણી

તુલસીભાઈ પ્રેમજીભાઈ લીબાણી (વોર્ડ નં. ૭)

દિનેશભાઈ માધવલાલ ભોજાણી (વોર્ડ નં. ૮)

કન્યાદાન સ્વરૂપ માં YSK ભેટ

છતીશગઢ રિજીયન માં અતિરધ લગ્ન પ્રસંગમાં દિકરીઓને YSK રૂપે કન્યાદાન રૂપે ભેટ આપવા અગ્રસર છે.

બાલોદ(છ.ગ) માં નવવિવાહિત દંપતી ને સ્થાનીય મંડલ દ્વારા આશીર્વાદ રૂપી કન્યાદાન ના સ્વરૂપ માં YSK ની ભેંટ દેવા માં આવેલ, નવયુગલ માં દીકરી હિમાંશી (સુપુત્રી-કિશોર ભાઈ રૂડાણી) ને મંડલ ના સભ્યો દતરફ થી ભેટ આપવા માં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમ માં
CGR યુવાસંઘ ના PRO હર્ષદ માકાણી,
સ્થાનીય મંડલ પ્રમુબ ધીરજ ભાઈ રામાણી,
CGR બિઝેનેસ સેલ ના સહકન્વીનર અને સ્થાનીય મંડલ મહામંત્રી હિતેશ ભાઈ માકાણી,
CGR YSK ના પૂર્વ કન્વીનર હસમુખ ભાઈ રામાણી ના સાથે સાથે જગદીશ ભાઈ દીવાણી,કલ્પેશ ભાઈ માકાણી આદિ ઉપસ્થિત હતા.

પ્રભુ નવયુગલ ને હમેશા સ્વસ્થ રાખે અને વૈવાહિક જીવન માં મસ્ત રાખે,એવી કુલદેવી માં ઉમિયા પાસે પ્રાર્થના...

ઓરેંજ સિટીમાં પધાર્યા ભારતી દીદી

પાટીદાર સંદેશ ના તંત્રીશ્રી શામજીભાઈ પટેલ તથા નાગપુર સમાજ ના મહામંત્રી ચોપડા સાથે અગ્રણીઓએ ભારતી દીદી ગૌશાળા સંસ્થા નાગપુર ની મુલાકાત..

સર્વે સદસ્ય ભાઈઓ ને જણાવવાનું કે પરમપુજ્ય સાધ્વી શ્રી ભારતી દિદી તેમજ એમની પુરી ભક્ત મંડળી **તા.૦૬.૧૨.૨૦૨૧ ના નાગપુર મુકામે પધાર્યા હતા..**

બુધવાર તા. ૦૮.૧૨.૨૧ ના નાગપુર ગૌશાળા મા સવારના ૭.૩૦ વાગે અભિષેકનો કાર્યક્રમ રાખેલ છે★.

જે પણ સદસ્ય અભિષેક મા બેસવા માંગતા હોય જેમણે **તા. ૦૭.૧૨.૨૧ સુધી પોતાના નામ દિનેશભાઇ પાસે નોંધાવેલ હશે તેઓ ને વહેલા તે પહેલાં ધોરણે ૦૫ ને લાભ આપવામાં આવશે.**અભિષેક બાદ ભારતી દીદી અને પૂર્ણ મંડળી ના આશીર્વાદ મેળવી શકાશે. ત્યારબાદ બપોરના મહાપ્રસાદ સહુ માટે રાખેલ છે

ઉપરોક્ત સર્વે કાર્યક્રમ મા સર્વે સદસ્યોએ સહપરિવાર ભારતી દિદી ગૌશાળા કાપસીમા તા. ૦૮.૧૨.૨૧ બુધવાર સવાર ના ૭.૩૦ વાગે હાજર રહેવાનું છે.

રતિલાલ ભાવાણી, નાગપુર.

ક્રમ	તાલુકાનુ નામ	બીન હરીફ ગ્રામ પંચાયતોનુ નામ	સંખ્યા
૧	ગાંધીધામ	ગળપાદર	૧
૨	રાપર	ડાભુંડા, ધાડધ્રો, મેવાસા, હમીરપર નાની, પગીવાંઢ, પેથાપર, દેશલપર, ખાનપર	૮
૩	ભુજ	કુવાથડા, બેરડી, સરાડા, રૈયડા, સોયલા, ભીજરડી, કમાગુના, ધોરડી, છછલા, મીઠડી, સરગુ, નાગીયારી, ઝુરા, ઝુરા કેમ્પ, ત્રાયા, સુરજપર, ભીરંડીયારા, શેરવો, સાડાઇ	૧૯
૪	અંજાર	પશુડા, બીટાવલાડીયા(માધમણા), નાગાવલાડીયા	૩
૫	ભચાઉ	આમરડી, કલ્યાણપર, ખોડસર, જનાણ, શીકરા, સુખપર, હલરા, ચીરઇ નાની, ચીરઇ મોટી, બંધડી, બાંભણકા,	૧૧
૬	મુંદ્રા	કણઝરા, વાધુરા, ગેલડા	૩
૭	માંડવી	જખણીયા, ભીસરા, રત્નાપર, જનકપર, શીરવા, નાગેચા, ત્રગડી	૭
૮	લખપત	લાખાપર, ઝુમારા, જુણાંગીયા, નરા	૪
૯	નખત્રાણા	જાડાય-વ્યાર, જીયાપર, માધાપર(મંજલ), દનણા, વડવાભોપા, વરમડેડા	૬
૧૦	અબડાસા	ધનાવાડા, કનકપર, લઠેડી, બારા જુથ, ભારાપર, ભાયુંડા, વલસરા, બીટીયારી, ધુકી નાની, નારણપર, નુંધાતડ	૧૧
		કુલ	૭૩

જન સંપર્ક અધિકારી
કલેક્ટર કચેરી, કચ્છ

પંચાયત નું રાજકારણ એક પ્રગતિ નું પહેલું પગથિયું

પ્રિસાયડિંગ ઓફિસરોની તાલીમ શિબિર યોજાઈ

રાજ્યમા કુલ ૧૧૫૭ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઇ હતી જે ગત ૨૦૧૬ ની ટર્મ કરતા ખુબજ ઓછી કહી શકાય તેમ છે જેના પરથી એટલુ ચોક્કસ માની શકાય કે ગામડાઓનુ વિભાજન ખુબ ઝડપી આગળ વધી રહ્યુ છે

જોકે રાજકીય વિશેષજ્ઞો આનુ આકલન બીજી રીતે કરી રહ્યા છે જેમના મતે ગામડાઓમા વિકાસ ને લઈ નવ યુવાનોમા જાગૃતિ આવી રહી છે જેઓ પોતાના સ્થાનિક ક્ષેત્રની પ્રાથમિક સુવિધાઓ ને લગતા પ્રશ્નો અને સરકારશ્રીના વિકાસલક્ષી યોજનાઓ આગળ આવતા અવરોધોને દૂર કરવા ગ્રામિણ પંચાયત ચૂંટણીમાં ઝંપલાવી રહ્યા છે

ઉમિયા માતાજી વાંઢાય - અકથિત ઇતિહાસ-3

ટૂંકમાં એમ કહી શકીએ કે ઉમિયા માતાજી મંદિરની સ્થાપનથી પહેલાં જ્ઞાતિમાં સનાતન ધર્મ પ્રત્યેને જાગૃતિની જબરદસ્ત લહેર હતી જ. કચ્છ અને ગુજરાતના કંપાઓમાં જાગૃતિની લહેરના કારણેજ ઉમિયા માતાજીનું મંદિર ઊભું કરવાનો વિચારો આવ્યા અને વર્ષ ૧૯૩૮માં બનેલી સનતાનીઓની માતૃ સમાજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ એટલે કે કેન્દ્રીય સમાજની આગેવાનીમાં મંદિર ઊભું કરવામાં આવ્યું, જેનો ઈતિહાસ આપણે સૌ જાણીએ છીએ, માટે એના અંગે વિગતોનું પુનરાવર્તન અહીં કરવામાં નથી આવ્યું.

ઈશ્વર આશ્રમ (ગુરુદ્વારા)નો મુખ્ય ફાળોઃ

વર્ષ ૧૯૪૪માં મંદિરની સ્થાપના થઈ, ત્યારે મંદિરનું સ્વરૂપ એક નાના દેરાનું હતું. આસ-પાસ અન્ય કોઈ સુવિધા નહોતી. કાયમી પૂજારી કે કોઈ પણ કર્મચારી પણ નહોતા. આ સમય હતો સંત ઓધવરામ મહારાજ અને તેમના પછી એમના ગાદીના વારસદાર સંત દયાલદાસજી મહારાજના કાર્યકાળનો. મંદિર પ્રત્યે જાગૃતિ લાવવા પાછળ સંત દયાલદાસજીએ કરેલ અથાગ મહેનતનું ઋણ આપણે સ્વીકારવુંજ રહ્યું. આપણાં ઈતિહાસમાં સંત દયાલદાસજી પણ એક એવા ઐતિહાસિક સનાતની અકથીત નાયક છે કે જેમના યોગદાનનું યશોગાન આપણે જોઈએ એટલા પ્રમાણમાં નથી ગાઈ રહ્યા.

વાંઢાયનો ગુરુદ્વારા એટલે કે "ઈશ્વર આશ્રમ (ગુરુદ્વારા) વાંઢાય (ટ્રસ્ટ રજી છ-૨૧૭ કચ્છ)" જે મૂળ વાંઢાયની સંત પરંપરા દ્વારા સંતોના સમાધિ સ્થાનકની અંદર રહીને વહીવટ કરે છે.

(એ પરિસરમાં અન્ય સંસ્થા પણ છે, જે મૂળ સંસ્થાથી અલગ છે, જેની ખાસ નોંધ લેશો.)

સંત ઓધવરામજી મહારાજની સમાધિ પાસે મૂકેલી દાન પેટીમાં દાન નાખો તો સારું, પણ જો દાન લખાવવા માંગતા હો, તો દાન લખાવવાથી પહેલાં ટ્રસ્ટ નંબર (છ-૨૧૭ કચ્છ) ચકાસી લેવા વિનંતી.

અકથીત ઈતિહાસઃ

ઉમિયા માતાજી વાંઢાયના વિષે ઉપર અકથીત ઈતિહાસ એટલે કે છુપો ઈતિહાસ અંગે હવે આપણે જોઈશું.

ઉમિયા માતાજી વાંઢાયના મંદિર પાછળ કયા વ્યક્તિઓનો મુખ્ય યોગદાન રહ્યું છે તે જોઈએ.

વ્યવસ્થા ક. ૦૧ઃ

માતાજીની સેવા અર્થે પહેલી વ્યવસ્થાના ભાગ રૂપે શરૂઆતના ૨૦ વર્ષ જેવા લાંબા સમય ગાળા સુધી માતાજીના મંદિરની સેવા ચાકરી વાંઢાયના ગુરુદ્વારાએ (ઉપર જણાવેલ) કરી. રોજ સવાર અને સાંજે ગુરુદ્વારાથી અચૂક નિયમિત રીતે એક સાધુ મોકલવામાં આવતા. માતાજીના મંદિરની દીવા-બત્તી, પૂજા અર્ચના, વગેરે તમામ સેવાઓ કરવામાં આવતી. ભલે આપણી જ્ઞાતિમાં માતાજી પ્રત્યે જાગૃતિ વધી રહી હતી, પણ ધાર્મિક અધોગતિથી સંપૂર્ણ રીતે જ્ઞાતિ છૂટી નહોતી શકી. એ સમયે, જોઈતી જાગૃતિની કમીના કારણે ભાગ્યેજ કોઈ માતાજીના દર્શને આવતું. મંદિરની આવક નહિવત હતી. આવા કઠિન સમયને પસાર કરવાનું બીડું ઈશ્વર આશ્રમે ઉપાડેલ હતું, તે માટે આપણી જ્ઞાતિ ઈશ્વર આશ્રમ (ગુરુદ્વારા)ની ઋણી છે.

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર (ક્રમશઃઅકથિત ઇતિહાસ-3)

લી. CA ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા, મુંબઈ